GUJARAT POLICE

પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦,
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨,
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા./ગ્રા.પ./જાહેરનામું/ ૫૩૭૦/૨૦૨૧ તા. ૧૬ /૧૨/૨૦૨૧

વંચાણે લીધુ :-

૧. રાજય ચૂંટણી આયોગના આદેશ ક્ર.રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા

૨. રાજય ચૂંટણી આયોગના પરિપત્ર ક્ર.ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૧૨૦૨૧-ક, તા.૨૨/૧૧/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.**

ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૧નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ વડોદરા જિલ્લામાં મતદાનની તા.૧૯/૧૨/૨૦૨૧ (રવિવાર) સવારના ૦૭:૦૦ વાગયાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી તેમજ મતગણતરીની તા.૨૧/૧૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં સંદર્ભ-૧ ના આદેશથી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચના આપવામાં આવેલ છે.

ભારતના ચુંટણી પંચના પત્ર ક્રમાંક ૪૬૪/આઈએનએસટી/૨૦૦૭-સીએલએમ-૧ તા.૦૮/૦૧/૨૦૦૭ તથા અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રિના પત્ર ક્રમાંક ઈએલસી-૧૦૧૪-૩૪૯(૨)-૬ તા. ૧૭/૦૪/૨૦૧૪ અને સરખા ક્રમાંક નંબરના પત્ર તા.૧૯/૦૪/૨૦૧૪થી અપાયેલ સુચના મુજબ રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ એકટ ૧૯૫૧ની કલમ ૧૨૬ મુજબ ચૂંટણી મતદાન પુર્ણ થવાના કલાક થી ૪૮ કલાક પહેલાં ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહે છે. જેથી ચૂંટણી પ્રચાર માટે જે તે મત વિસ્તારમાં કે મત વિસ્તારની બહારથી આવતા રાજકીય ફંકશનરીઓ,રેલી,પ્રચાર, ફંકશનરી વગેરે કે જેઓ તે મત વિસ્તારના મતદારો નથી તેઓએ ચૂંટણી પ્રચારનો સમય પુરો થયા બાદ એટલે કે, મતદાનના આખરી કલાકથી ૪૮ કલાક પહેલાં તે મત વિસ્તારમાં હાજર રહે નહીં તે સુનિશ્ચિત કરવા સુચના આપેલ છે.

વાસ્તે હું ડો.શમશેરસિંઘ IPS, પોલીસ કમિશ્નરશ્રી વડોદરા શહેર, ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ ૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશ્નર વડોદરા શહેર કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ વડોદરા તાલુકાના સયાજીપુરા,અનગઢ, ધનોરા, બાજવા, ખલીપુર, મારેઠા, કોટણા, નંદેસરી, તલસટ, સાંકરદા, દામાપુરા ગામોની ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તામાં નિચે મુજબ હુકમ કરૂ છુ.

૧. મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયમાં ચુંટણી પ્રચાર અર્થે કોઇ પણ વ્યકિતએ ચુંટણી સબંધમાં કોઇ જાહેર સભા બોલાવશે નહીં, યોજશે નહીં, સંબોધન કરશે નહીં સરઘસ કાઢશે નહીં કે તેવી સભામાં હાજરી આપશે નહીં.



Scanned by CamScanner

આ હુકમ તા. ૧૭/૧૨/૨૦૨૧ના કલાક ૧૮/૦૦ વાગ્યાથી તા. ૧૯/૧૨/૨૦૨૧ના કલાક ૧૮/૦૦ અથવા મતદાન પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ/ ઉલ્લંઘન કરનારને ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ , રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઇ શકશે. સજા અથવા દંડ અથવા તે બંનેની સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ ઇન્સપેકટર સુધીનો હોધ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું આથી આદેશ આપુંછું કે, આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રો ધ્વારા પ્રસિધ્ધિ કરાવવી તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તા.૧૬/૧૨/૨૦૨૧ ના રોજ સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ
(3) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(3) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૬) જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૧૧) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે., વડોદરા.
(૧૬) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૭) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૮) આસી. કમિશ્નરશ્રી, (ઇન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.

C:\Users\HDIITS\Desktop\ele jahernamu\06 ELECTION COMISSION OF INDIA 21-8-99 - Copy.docx

Scanned by CamScanner

(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૦) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૧) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.
(૨૨) ચુંટણી આચારસહિતા અમલીકરણ અધિકારીશ્રી તથા નોડલ અધિકારીશ્રીઓ.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.

Scanned by CamScanner